ક્રમાંક : સ્ટેમ્પ/મલત/ ૧૯/૦૭ | ૩૮૧૪

સુપ્રી.ઓફસ્ટેમ્પ્સનીકચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન
સેક્ટર-૧૩/સી, 'ખ' રોડ,
ગાંધીનગર
તા.૩૧/૫/૨૦૦૭

પરીપત્ર :-

મુબંઈ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ ની કલમ ૩૨-ક હેઠળના પ્રત્યેક માસે નિકાલ કરવામાં આવતા કેસોની સંખ્યા માસિક પત્રકમાં દર્શાવવામાં આવે છે. પરંતુ આ કેસોની વિગતો તપાસણી દરમ્યાન નક્કી થઈ શકતી નથી.આથી આપની કચેરીના આવા કલમ-૩૨ (ક) ના માસ દરમ્યાન નિકાલ કરવામાં આવતા કેસોની નોંધણી હુકમ રજીસ્ટરમાં કરવી ફરજીયાત છે. જેથી માસ દરમ્યાન કેટલા કેસોનો નિકાલ થયેલ છે, તે વસુલાત ની રકમ સહિત જાણી શકાય અને માસિક પત્રક મુજબ નિકાલી કેસોનું મેળવણું સળતાથી થઈ શકે.

આથી તમામ નાયબ કલેકટરશ્રી ઓને જણાવવામાં આવે છે કે, તેમની કચેરી ધ્વારા આવા કલમ ૩૨-ક હેઠળના કેસોમાં હુકમ કર્યા બાદ નીચે મુજબના નમુનામાં હુકમ રજીસ્ટર નિભાવી તમામ કેસોની નોંધ કરવા આથી તાકિદ પાઠવવામાં આવે છે.

**હુકમ રજીસ્ટર નમુનો**

| અ.ન. | સ.ર. કચેરી નું નામ | દસ્તાવેજ નં./તારીખ | નિયમ ૪(૨)ની નોટીસપ્રમાણે | | આખરી હુકમ પ્રમાણે | |
|---|---|---|---|---|---|---|
| | | | નક્કી કરેલ બજાર કિંમત રૂા. | ખુટતી સ્ટેમ્પ ડયુટી રૂા. | નક્કી કરેલ બજાર કિંમત | ખુટતીસ્ટેમ્પ ડયુટી |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |

| દંડ રૂા. | કુલ રૂા. | તફાવતની રકમ રૂા.(કોલમ ૫-૭) | | નાયબ કલેકટરશ્રી ની સહી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | રકમ રૂા. | ટકાવારી | | |
| (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) |

વધુમાં "નિકાલ કરેલ તમામ કેસોની નોંધણી હુકમ રજીસ્ટરમાં કરવામાં આવેલ છે" તે બાબતનું પ્રમાણપત્ર દર માસે માસીક પત્રકમાં આપવા આથી સુચના આપવામાં આવે છે. પ્રમાણપત્ર સિવાયના માસીક પત્રકો સ્વીકારવામાં આવશે નહી, જેની નોંધ લેવી.

અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર
જિ.......................(તમામ)

S.B.SHAH